# સ્મીમેર હોસ્પિટલના ડો. અમિત પટેલે કોરોનાને મ્હાત આપી પુનઃ ફરજ પરઃ

કોરોના સંકટમાં સુરતના દર્દીઓની જીવનરક્ષા કરવી સિવિલ અને સ્મીમેર હોસ્પિટલની મોટી જવાબદારી: લોકોની સેવા કરવાનો મુખ્ય ધ્યેય છે: ડો. અમિત પટેલ

અગ્રિમ હરોળના કોરોના વોરિયર્સ ડોકટરો, પેરામેડિકલ, નર્સિંગ સ્ટાફ કોરોના સામેના જંગમાં દર્દીઓના જીવનદાતા બન્યા છે. કોરોના સામેના જંગના પ્રમુખ યોદ્ધા તરીકે કોરોનામુક્ત બની ફરજને પ્રાધાન્ય આપતા હોય એવા કિસ્સાઓ ઉજાગર થઈ રહ્યા છે. આવા જ એક કોરોના યોદ્ધા છે સુરતના ડો. અમિત પટેલ.

દર્દીઓની સારવાર દરમિયાન સંક્રમિત થયેલા સ્મીમેર હોસ્પિટલના પીએસએમ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.અમિત પટેલ હોમ આઈસોલેશન રહી સરકારી ગાઈડલાઈન્સ મુજબ સારવાર મેળવીને કોરોનાને મ્હાત આપવામાં સફળ રહ્યા છે. હોસ્પિટલની નિગરાની હેઠળ હોમ આઈસોલેશનમાં પણ સારવાર મેળવી સ્વસ્થ થઈ શકાય છે અને કોરોનાને હરાવી શકાય છે એનું ઉત્તમ ઉદાહરણ ડો.અમિત પટેલે પૂરૂ પાડ્યું છે.

ડો.અમિત પટેલ જણાવે છે કે, શરૂઆતમાં મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલના કોવિડ-૧૯ હોસ્પિટલના કોવિડ-૧૯ના વોર્ડમાં હું ફરજ બજાવતો હતો. ત્યાર બાદ નોર્થ ઝોનમાં કોરોના સંક્રમણ વધતા કોરોના નિયંત્રણની વિશેષ ફરજ સોંપવામાં આવી હતી. તા.૧૬મેથી નોર્થ ઝોનના શહેરી આરોગ્ય વિભાગમાં ફરજ બજાવી રહ્યો હતો. ગત તા.૦૩ જુલાઈના રોજ કોરોનાના પ્રાથમિક લક્ષણ જેવા કે, ખાંસી, તાવ અને શરીરમાં નબળાઈ આવતા સ્મીમેરની દેખરેખ હેઠળ હોમ ક્વોરન્ટાઈન થયો હતો. ત્યાર બાદની સારવાર ઘરે જ મેળવી હતી. હોમ આઈસોલેશન દરમિયાન તબિયતમાં સુધારો પણ જણાયો હતો. છ-સાત દિવસ બાદ ફરી શ્વાસ લેવામાં તકલીફ જણાતા સ્મીમેર હોસ્પિટલમાં કોવિડ એન્ટિજેન ટેસ્ટ કરાવ્યો અને એચઆર સિટી કરાવતા ટકા કોવિડની અસર દેખાઈ હતી. જેથી ૧૪ દિવસ ઘરે આઈસોલેટ થઈ સારવાર મેળવી હતી. ૧૪ દિવસ બાદ સંપૂર્ણ સ્વસ્થ થઈ ફરજ પર જોડાઈ ગયો હતો.

તેમણે વધુમાં જણાવ્યું કે, કોરોના મહામારીના સમયમાં દર્દીઓને સ્વસ્થ કરવામાં તેમજ સમાજને આરોગ્યપ્રદ રાખવાની ફરજ નિભાવીએ છીએ. ત્યારે દર્દીઓ અને તેમના સ્વજનોને કંઈ રીતે મદદરૂપ થઈ શકીએ તે મારૂ લક્ષ્ય રહ્યું છે. સંક્રમણને અટકાવવાના ભાગરૂપે મારા ઉચ્ચ અધિકારી ડો. નાયકજીએ એમની ટીમમાં સામેલ કર્યો. કોરોના નિયંત્રણની કામગીરી કરીને સંતોષ થયો.

હું ડોક્ટર તરીકે સુરત મહાનગરપાલિકા આભાર માનું છું કે વિકટ પરિસ્થિતિમાં મને હોમ આઈસોલેશનમાં સાથ સહકાર આપતાં માત્ર ૧૪ દિવસમાં સાજો થઈ ફરજ પર હાજર થયો છું.

સુરતનું આરોગ્ય તંત્ર નાણા વિભાગના સચિવ અને ખાસ ફરજ પરના અધિકારીની શ્રી મિલિંદ તોરવણે, સુરત મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાની તેમજ સ્મીમેર હોસ્પિટલના નોડલ અધિકારી અને નાયબ વનસંરક્ષકશ્રી પુનિત નૈયરના માર્ગદર્શન અને પ્રોત્સાહનથકી કોરોનાના દર્દીઓને સારવારમાં પ્રેરકબળ મળ્યું છે. તેમના પ્રયાસોથી હોમ આઈસોલેશન અને કોમ્યુનિટી કોવિડ આઈસોલેશન સેન્ટરોમાં ખુબ સારા પરિણામો મળી રહ્યા છે.